# I.I.T.Gnના સ્ટુડન્ટ્સ સોશિયલ ઈશ્યૂઝ પર લખતાં શીખ્યાં



અમદાવાદ : ગાંધીનગર સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી ખાતે યોજાયેલ 'વોઈસ ઓફ ધ વર્લ્ડ'માં સ્ટુડન્ટ્સે સોશિયલ ઈશ્યૂઝને કેવી રીતે ઓબ્ઝર્વ કરવા અને તેનાં પર કેવી રીતે લખાણ કરવું તે અંગે ૨૦૦ જેટલા સ્ટુડન્ટ્સે આ ઈવેન્ટમાં પાર્ટિસિપેટ કર્યું હતું. 'વોઈસ ઓફ ધ વર્લ્ડ' પ્રોગ્રામ યુ.એસ., મેક્સિકો, ઓસ્ટ્રિયા, મોરોક્કો, કેન્યા અને ઈન્ડિયા જેવા છ વિવિધ દેશોમાં આયોજિત કરવામાં આવે છે. ફેર ઓબ્ઝર્વર નામની ઓર્ગેનાઈઝેશન કે જે વિશ્વનાં લોકોને આજ અને આવતી કાલ અંગે માહિતગાર કરે છે જે લોકોનું ઊંડાણ પૂર્વક ઓબ્ઝર્વેશન કરીને તેમાંથી જુદા જુદા પર્સ્પેક્ટિવ્સ દ્વારા રજૂઆત કરે છે. આ પ્રસંગે આઈ.આઈ.ટીનાં પ્રોફેસર અતુલસિંઘે જણાવ્યુ હતું કે 'આ પ્રકારના પ્રોગ્રામ્સ સ્ટુડન્ટ્સને તેમની આસપાસનાં રીયલ ઈશ્યૂઝ પર ફોકસ કરવામાં મદદરૂપ બનશે જેમ કે જે લોકો પાણીની અછત, સ્વાસ્થ્ય અને ગરીબી તેમજ સાક્ષરતા સામે ઝઝૂમી રહ્યાં છે તે લોકો પર વધારે સારી રીતે લખી શકશે' વધુમાં તેમણે જણાવ્યુ હતું કે 'હવે ઈન્ડિયન સ્ટુડન્ટ્સે પોતે ઓબ્ઝર્વ કરેલા ઈશ્યૂઝને અમેરીકન અથવા બ્રિટીશર્સ કરતા ગ્લોબલી રજૂ કરવા જોઈએ જેનાથી તેમના કામની નોંધ લેવાશે. સ્ટુડન્ટ્સે પોતાનામાં વધુ સારી સ્કિલ્સ ડેવલપ કરવાની જરૂર છે તેમણે કલ્પનાઓને વધારે કેળવવી જોઈએ અને તેના આધારે વિવિધ પરિસ્થિતિને એક્ઝામિન કરીને તેમાંથી ચર્ચાવિચારણા કરવી જોઈએ અને તેમની વાતને ખૂબ સ્પષ્ટતાથી રજૂ કરવાની છટા કેળવવી જોઈએ.' આ વર્કશોપમાં સ્ટડન્ટ્સે વિવિધ સોશિયલ ઈશ્યૂઝ ડિસ્કસ કર્યાં હતા.

સંદેશ
Fri, 06 January 2017
epaper.sandesh.com//c/15900491